| Published Date: | 25 Jul 2018 | Publication: | Times of Karnavati (Gujarati) |
|---|---|---|---|
| Edition: | Ahmedabad | Page No: | 3 |
| MAV/CCM: | 10170/16.95 | Circulation: | 26000 |

# TCS IT વિઝ ૨૦૧૮ની અમદાવાદ એડિશન ૧૦ ઓગસ્ટે યોજાશે

અમદાવાદ, ૨૪ જુલાઈ, ૨૦૧૮: અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS)એ આજે જાહેરાત કરી હતી કે, શાળાઓ માટે ભારતની સૌથી મોટી ટેકનોલોજી ક્વિઝ TCS IT વિઝ ૨૦૧૮ની અમદાવાદ એડિશન અમદાવાદમાં ૧૦ ઓગસ્ટને શુક્રવારે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, રાજપથ ક્લબની પાછળ, એસ. જી. હાઈવે, અમદાવાદ ખાતે યોજાશે.

આ ક્વિઝમાં ધોરણ ૮થી ધોરણ ૧૨માં અભ્યાસ કરતાં શાળાનાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. દરેક સંસ્થા મહત્તમ ૮ ટીમ મોકલી શકે છે અને દરેક ટીમમાં બે બાળકો સામેલ હોય છે. ક્વિઝમાં ભાગ લેવાની કોઈ એન્ટ્રી ફી નથી.

TCS IT વિઝ ૨૦૧૮ ભારતમાં કુલ ૧૨ શહેરો – અમદાવાદ, બેંગલોર, ભુવનેશ્વર, ચેન્નાઈ, દિલ્હી, હૈદરાબાદ, ઈન્દોર, કોચી, કોલકાતા, મુંબઈ, નાગપુર અને પૂણેમાં યોજાશે.

એન્ટ્રી સંબંધિત સંસ્થા મારફતે ૩ ઓગસ્ટ, ૨૦૧૮નાં શુક્રવાર સુધી કે એ અગાઉ ક્વિઝ કોઓર્ડિનેટર, TCS IT વિઝ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ગરિમા પાર્ક, પ્લોટ નંબર ૪૧, જીએચઓ સર્કલ નજીક, ગાંધીનગર – ૩૮૨૦૦૭ને મોકલવાની રહેશે. વધારે વિગત મેળવવા માટે સંપર્ક કરો: ૦૭૯ ૬૬૭૧૨૯૦૫/૩૦૯૬. તમે ઓનલાઈન પણ રજિસ્ટર કરી શકો છો: www.tcsITwiz.com.

ક્વિઝ ફોર્મેટ: લેખિત પ્રાથમિક રાઉન્ડમાં ટોચની છ ટીમને રિજનલ ફાઈનલ માટે પસંદ કરવામાં આવશે. ફાઈનલ માટે એક જ સ્કૂલની વિવિધ ટીમ પસંદ થશે તો સ્ટેજ પર દરેક સ્કૂલમાંથી ટોપ સ્કોરિંગ ટીમને જ બોલાવવામાં આવશે. રિજનલ ફાઈનલમાંથી વિજેતા ટીમને નેશનલ ફાઈનલમાં સ્થાન મળશે.

ઈનામ: જ્યારે ચાલુ વર્ષે રિજનલ ચેમ્પિયનને રૂ. ૬૦,૦૦૦નું ગિફ્ટ વાઉચર મળશે, ત્યારે રનર્સ-અપને રૂ. ૪૦,૦૦૦નું ગિફ્ટ વાઉચર મળશે તેમજ ખાસ ડિઝાઈન કરેલી ટ્રોફી અને મેડલ પણ આપવામાં આવશે. ૯ ફાઈનલિસ્ટને પણ TCS તરફથી વિવિધ ઈનામો મળશે, જેમાં જીમ બેગ, tcs50 પેન ડ્રાઈવ સાથે બ્લુટૂથ સ્પીકર્સ અને વાયરલેસ આઉટડોર સ્પીકર્સ સાથે મલ્ટિફંક્શનલ મ્યુઝિક ટોર્ચ સામેલ છે.

ટ્વિટર કન્ટેસ્ટ: દરેક શહેરમાં રિજનલ ફાઈનલ તમામ સહભાગીઓ માટે ટ્વિટર કન્ટેસ્ટ યોજાશે. ટોચનાં બે સૌથી વધુ ટ્વીટ અને શ્રેષ્ઠ "ટ્વીટ ઓફ ધ ડે"ને બ્લુટૂથ સ્પીકર્સ અને LED નાઈટ લાઈટ સાથે સ્માર્ટ મ્યુઝિક ફ્લાવર પોટ ઉપરાંત મલ્ટિફંક્શનલ ટોર્ચ મળશે.

અન્ય સ્થાનોનાં વિદ્યાર્થીઓને સન્માનિત કરવા રિજનલ ફાઈનલનું વેબકાસ્ટિંગ થશે. રિજનલ ફાઈનલનું વેબ સ્ટ્રીમિંગ આ વેબસાઈટ પર જોઈ શકાશે: www.tcsITwiz.com.

ક્વિઝ મુખ્યત્વે નીચેની બાબતો પર કેન્દ્રિત હશે:

- ટેકનોલોજીનું વાતાવરણ, વ્યવસાય, લોકો, નવા પ્રવાહો અને લીજેન્ડ સહિત વિવિધ ઉદ્યોગો અને ક્ષેત્રોમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીની ઉપયોગિતાઓ.
- આઈટી અસર કરે છે એવા ક્ષેત્રો – વેબ, શિક્ષણ, મનોરંજન, પુસ્તકો, સંગીત, ફિલ્મો, બેંકિંગ, જાહેરાત, સ્પોર્ટ્સ, ગેમિંગ, સોશિયલ મીડિયા અને મોબાઈલની દુનિયા.
- આઈટી ક્ષેત્રનાં મહાનુભાવો – આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને સ્થાનિક, આઈટી અને કમ્યુનિકેશન કંપનીઓની વિવિધ બ્રાન્ડ, સોફ્ટવેર પ્રોડક્ટ અને બ્રાન્ડ, આઈટીનો ઈતિહાસ તેમજ ઈન્ફોર્મેશન ટેકનોલોજીનું હળવું પાસું
- ક્લાઉડ કમ્પ્યુટિંગ, એઆઈ, ઓટોમેશન, બાયોમેટ્રિક્સ, રોબોટિક્સ, ઈન્ટરનેટની દુનિયા, વિશિષ્ટ વેબસાઈટ્સ, આઈટીનાં પ્રચલિત શબ્દો અને સંક્ષિપ્ત શબ્દો જેવા વિકસતાં ક્ષેત્રો.
- TCS @50 નામનાં વિશિષ્ટ રાઉન્ડમાં ઉત્કૃષ્ટતાનાં પાંચ દાયકા